ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૯.૧૧.૨૦૧૭

------------------

## ભાજપાનું સંકલ્પપત્ર આખરી તબક્કામાં

------------------

## સાત માસ પહેલા સંકલ્પપત્ર સમિતિની રચના

------------------

## જીલ્લા/મહાનગરોમાં જઇ સમાજના સૂચનો લેવાયા

------------------

## સંકલ્પપત્ર ભાજપાની વચનબદ્ધતા

------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું હતુ કે, ભાજપા હંમેશા લોકસેવામાં કાર્યરત રહે છે. ભાજપાના કાર્યકર્તાઓ હંમેશા લોકસંપર્ક કરીને લોકોની વચ્ચે રહેતા હોય છે. ચૂંટણી સંકલ્પપત્ર ભાજપા માટે ચૂંટણી ઢંઢેરો નથી કે જે માત્રને માત્ર ચૂંટણીઓ સમયે લોકોને ખોટી-ખોટી આશાઓ બંધાવી ગેરમાર્ગે દોરે. પરંતુ, ભાજપા માટે ચૂંટણી સંકલ્પ પત્ર એ લોકસેવા-જનસેવા થકી વિવિધ વિકાસલક્ષી કાર્યો કરવાનો સંકલ્પ દર્શાવતો પત્ર છે. સંકલ્પપત્ર એ ભાજપાની વચનબદ્ધતા છે.

શ્રી ભાવસારે જણાવ્યું હતુ કે, ભાજપાએ સંકલ્પપત્ર સમિતિની સંરચના ૫મી એપ્રિલ ૨૦૧૭ના રોજ કરેલ હતી. એટલે કે, સાત મહિનાથી સંકલ્પ પત્ર સમિતિના સભ્યશ્રીઓએ સમગ્ર રાજ્યમાં જીલ્લા/મહાનગરમાં જઇ લોકસંવાદ યોજી વિગતો મેળવી. જેના આધારે સંકલ્પપત્ર તૈયાર કરવામાં આવી રહ્યો છે. સંકલ્પપત્ર સમિતિના સભ્યશ્રીઓ રાજ્યના વિવિધ વર્ગો અને વિવિધ ક્ષેત્રોના વ્યક્તિઓ જેવા કે, યુવાનો, મહિલાઓ, ખેડૂતો, નાના વેપારીઓ, ઉદ્યમીઓ, કર્મચારીઓ વગેરેનો સંપર્ક કર્યો હતો. ભાજપાનો સંકલ્પપત્ર તૈયારીના આખરી તબક્કામાં છે.

સને ૧૯૯૫થી ૨૦૧૭ સુધી સંકલ્પપત્રમાં જાહેર કરેલા સંકલ્પો ભાજપાએ પરિપૂર્ણ કર્યા છે અને આવનારા સમયમાં ભાજપા ગુજરાતની સાડા ૬ કરોડ જનતા સમક્ષ પોતાના સંકલ્પની વાત સંકલ્પપત્ર થકી લઇ જશે. ગુજરાતને એક નવી ઉંચાઇએ પહોચાડવા માટે ભાજપા સતત કાર્યશીલ અને પ્રતિબધ્ધ છે.

કોંગ્રેસને હવે ગુજરાતમાં ચૂંટણીઓ સમયે ચૂંટણી ઢંઢેરો યાદ આવે છે. કોંગ્રેસ ક્યારેય પ્રજા સમક્ષ જતી નથી, કોંગ્રેસ જમીન પર નથી. કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો પણ રાજ્ય સરકારના મંત્રીઓને મળીને

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



ક્યારેય પણ સ્થાનિક મુદ્દાઓની રજુઆત કરતા નથી. કોંગ્રેસને કોઇપણ પ્રજાલક્ષી કાર્યોમાં રસ નથી. માત્રને માત્ર મીડિયામાં રહેવા માટે ખોટા-ખોટા તાયફાઓ તથા ખોટી આંકડાકીય માહિતીઓ રજુ કરે છે. હવે ચૂંટણી ટાણે એક મહિનો બાકી છે ત્યારે કોંગ્રેસ લોકોની શું લોકભાવના જાણશે ? શું પ્રશ્નો ભેગા કરશે ? તે પ્રશ્નોના નિરાકરણ માટે શું ભાગ ભજવશે ? ગુજરાતની જનતા કોંગ્રેસને સીધા પ્રશ્નો પુછવા માંગે છે કે, પાંચ વર્ષ કોંગ્રેસને કેમ પ્રજા યાદ આવતી નથી ? ચૂંટણી ટાણે પ્રજાના વિવિધ વર્ગો વચ્ચે અંદરો-અંદર વિખવાદ કરાવી વર્ગવિગ્રહ કરવાની નિમ્ન કક્ષાની રાજનીતિ પર કોંગ્રેસ કેમ ઉતરી આવી છે ? ગુજરાતમાં પોતાનું અસ્તિત્વ બચાવવા યેન-કેન પ્રકારેણ કોંગ્રેસ મરણીયા પ્રયાસો કરી રહી છે.

શ્રી ભાવસારે વધુમાં જણાવ્યું હતુ કે, ભાજપામાં પ્રજાનો પ્રતિનિધિ - પ્રજાના દુ:ખે દુ:ખી અને સુખે સુખી ની ભાવના સાથે કામ કરે છે. બનાસકાંઠાની પ્રજા જ્યારે અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતમાં ઝઝુમી રહી હતી ત્યારે કોંગ્રેસના ધારાસભ્યો બેંગલોરના રિસોર્ટમાં ઝુમી રહ્યા હતા. ત્યારે તેમને પુરગ્રસ્ત પ્રજાનો કેમ વિચારસુધ્ધા પણ ન આવ્યો ? તે ગુજરાતની પ્રજા કોંગ્રેસને પુછવા માંગે છે.

ભાજપાના આગેવાનશ્રીઓએ જીલ્લા/મહાનગર સ: વિવિધ સમાજનો અને વિવિધ વર્ગનો સાથે સંવાદ કરીને સંકલ્પપત્ર માં આવરી લેવાના મુદ્દાઓ તૈયાર કર્યા છે, જે આખરી તબક્કામાં છે. ડૉ. જયનારાયણભાઇ વ્યાસના વડપણ હેઠળ રચાયેલી ભાજપાની સંકલ્પપત્ર સમિતિમાં શ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી શંકરભાઇ ચૌધરી, શ્રીમતિ ભાવનાબેન દવે, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયા, શ્રી ડૉ. ભરતભાઇ ગરીવાલા, શ્રી મોતીસિંહ વસાવા, શ્રી ડૉ. ભરતભાઇ કાનાબાર, ડૉ. જગદીશભાઇ ભાવસાર, શ્રી ડૉ. હર્ષદભાઇ પટેલ, શ્રી યમલભાઇ વ્યાસ,શ્રી ભરતભાઇ ડાંગર, પ્રો. રશ્મિભાઇ પટેલ વગેરે સભ્યોએ તેમનું બહુમુલ્ય યોગદાન આપ્યું છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૯.૧૧.૨૦૧૭

-------------------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે ૨૫ હજારથી વધુ શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને માર્ગદર્શન આપ્યું.**

-------------------

**પાંચ દિવસમાં ૩૫ જીલ્લા/મહાનગરોનો પ્રવાસ કર્યો,**
**૧૫૫ વિધાનસભા ક્ષેત્રોનોપ્રવાસ કરી ૩/૪ બહુમતિ મેળવવા કાર્યકરોને હાકલ કરી.**

-------------------

**ઉત્તરપ્રદેશે ગુજરાતના ગૌરવ, ગુજરાતનું ગૌરવ વિશ્વમાં વધારનાર રાષ્ટ્રભક્ત શ્રી નરેન્દ્રભાઇ મોદીના સમર્થનમાં ૩૨૫ બેઠકો આપી છે, તેમ ગુજરાત ૩/૪ બહુમતિ આપી ગુજરાતનું ગૌરવ વધારશે**
**- શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે સંગઠનાત્મક પ્રચારના પાંચમાં અને અંતિમ દિવસે દક્ષિણ, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના જુદા જુદા ૬ જિલ્લા અને બે મહાનગરોના અગ્રગણ્ય કાર્યકરો અને શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જો સાથે સંવાદ અને માર્ગદર્શન કર્યું હતું. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૩/૪ બહુમતી સાથે ભાજપાનો વિજય થવાનો વિશ્વાસ વ્યક્ત કરીને કાર્યકરોને વિજયના યશભાગી થવાં અપીલ કરી હતી. ગુજરાત વિરોધી અને વિકાસ વિરોધી અને જુઠ્ઠી કોંગ્રેસના મૂળીયા બુથમાંથી ઉખેડી નાંખવા આહવાન કર્યું હતું. કાર્યકરોને ચૂંટણીમાં વિજય મેળવવાંની વ્યુહાત્મકતા શિખવાડી હતી.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહે પાંચ દિવસના સંગઠનાત્મક પ્રવાસ કચ્છના ગાંધીધામથી પત્રકાર પરીષદ કરી પ્રારંભ કર્યો હતો, જે મધ્ય ગુજરાતના વડોદરા ખાતે સંપન્ન થયો હતો. શ્રી અમિતભાઇ શાહે પાંચ દિવસીય સંગઠનાત્મક પ્રવાસ દરમ્યાન ૨૮થી વધારે બેઠકો યોજી હજારો કાર્યકરો સાથે સીધો સંવાદ કર્યો હતો. પાંચ દિવસમાં ૩૫ જીલ્લા અને મહાનગરોનો પ્રવાસ તેઓશ્રીએ સંપન્ન કર્યો હતો. પાંચ દિવસના સંગઠનાત્મક પ્રવાસ દરમ્યાન રાજ્યમાં ૨૮,૬૩૯ શક્તિકેન્દ્રો પૈકી ૨૫ હજારથી વધુ શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. પાંચ દિવસના સંગઠનાત્મક પ્રવાસ દરમ્યાન રાજયની ૧૫૫ વિધાનસભા ક્ષેત્રોના કાર્યકરોને તેઓશ્રી મળ્યાં હતા.

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં ભાજપા હકારાત્મકતા સાથે જનતા વચ્ચે વિવિધ કાર્યક્રમો થકી જઇ રહી છે. ગુજરાત ગૌરવ યાત્રા, ગુજરાત ગૌરવ મહાસંમેલન, ગુજરાત ગૌરવ સ્નેહમિલન કાર્યક્રમ ૭ નવેમ્બર થી ૧૨ નવેમ્બર સુધી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહનો પાંચ દિવસનો સંગઠનાત્મક પ્રવાસ, ગુજરાતના ગૌરવ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો ગુજરાતના ભાઇઓ અને બહેનોને પાઠવવામાં આવેલ સંદેશ, જાતિવાદ અને જ્ઞાતિવાદ સામે વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિની સ્પષ્ટ કાર્યપધ્ધતિના પરિણામે ભાજપા ૩/૪ બહુમતિથી મહાવિજય મેળવશે તે ઉમેદવારો જાહેર થયા પહેલાં ગુજરાતમાં સ્પષ્ટ થઇ ગયું છે. ઉત્તરપ્રદેશ ગુજરાતના ગૌરવ, ગુજરાતનું ગૌરવ વિશ્વમાં વધારનાર રાષ્ટ્રભક્ત શ્રી નરેન્દ્રભાઇ મોદીના સમર્થનમાં ૩૨૫ બેઠકો આપી છે તેમ ગુજરાત ૩/૪ બહુમતિ આપી ગુજરાતનું ગૌરવ વધારશે અને દેશહિતમાં ૧૦૦ ટકા મતદાન કરશે તેવો વિશ્વાસ ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ વ્યક્ત કર્યો છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૯.૧૧.૨૦૧૭

-----------------

**કોંગ્રેસ માત્ર અવસરવાદીતાની રાજનીતિ કરે છે, ઉકેલની નહીં.**
**– શ્રી સ્મૃતિ ઇરાનીજી**

-----------------

**યુપીએના શાસન વખતે ટેક્ષટાઇલ સેક્ટરની ૪૦ માંથી ૨૨ સ્કીમોમાં એક પણ રૂપિયો ખર્ચ નહીં કરનાર અને પાવરલૂમ સેક્ટરના અપગ્રેડેશન માટે કોઇ કાર્ય ન કરનાર કોંગ્રેસ પક્ષના ઉપાધ્યક્ષ શ્રી રાહુલ ગાંધીને સુરતમાં આવીને ટેક્ષટાઇલ સેક્ટર માટે કંઇ પણ કહેવાનો કોઇ અધિકાર નથી.**
**– શ્રી સ્મૃતિ ઇરાનીજી**

-----------------

**ભાજપાની કેન્દ્ર તથા ગુજરાતની રાજ્ય સરકારનાં શાસનમાં મહીલા સશક્તિકરણ અને મહીલા ઉત્થાન માટે અનેક રચનાત્મક કાર્યો થકી ઐતિહાસિક કદમ ઉઠાવ્યા છે.**
**– શ્રી સ્મૃતિ ઇરાનીજી**

-----------------

**અમેઠીમાં શાળા, હોસ્પીટલ, રસ્તા તથા પીવાના પાણીની પાયાની સગવડો પૂરી ન પાડી શકનાર શ્રી રાહુલ ગાંધીએ ગુજરાતના વિકાસમાંથી પ્રેરણા લઇને તેમના ક્ષેત્રમાં વિકાસના કાર્યો કરવા જોઇએ.**
**– શ્રી સ્મૃતિ ઇરાનીજી**

-----------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં પાવરલૂમ સેક્ટરમાં અપગ્રેડેશન માટે “સાથી” સ્કીમ હેઠળ સરળ ધિરાણનો શુભારંભ થયો છે. કોંગ્રેસે પાવરલૂમ સેક્ટર માટે કંઇપણ કર્યુ નથી.**
**– શ્રી સ્મૃતિ ઇરાનીજી**

-----------------

આજરોજ થલતેજ મીડીયા સેન્ટર ખાતે મીડીયાના મિત્રો સાથે વાર્તાલાપ કરતાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ તથા ટેક્ષટાઇલ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઇરાનીજીએ ભાજપાના શાસનમાં મહીલા સશક્તિકરણ અને મહીલા ઉત્થાન માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં તથા રાજ્યમાં શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનાં નેતૃત્વમાં અને અગાઉ શ્રીમતી આનંદીબેન પટેલનાં શાસનમાં થયેલા કાર્યો અંગે એક મહીલા તરીકે અભિનંદન અને આભાર પ્રકટ કર્યા હતા.

શ્રી સ્મૃતિજીનાં જણાવ્યા અનુસાર આજે કેન્દ્રમાં સૌથી મહત્વની કેબીનેટ કમીટી ઓન સીક્યોરીટીમાં બે મહીલા મંત્રીઓ સ્થાન શોભાવી રહી છે. ગુજરાતમાં આજે ગ્રામપંચાયતમાં ૪૫૦૦ બહેનો, તાલુકા પંચાયતમાં ૫૬% મહીલાઓ તથા ૧૫ જીલ્લા પંચાયતમાં મહીલાઓ સ્થાન શોભાવી રહી છે.

ઉજ્જવલા યોજનામાં સબસીડી છોડનાર પરિવારોનો આભાર પ્રકટ કરીને સમગ્ર દેશમાં ત્રણ કરોડ તથા ગુજરાતમાં ૧૧ લાખ ૨૩ હજાર મહીલાઓને રાંધણગેસનો ચૂલો અને ગેસ સિલિન્ડર નિ:શુલ્ક પ્રાપ્ત થતા, ચુલાનાં ધૂમાડામાંથી મુક્તિ મળી છે, તે બાબતનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

કેન્દ્રની સુકન્યા યોજના અંતર્ગત ૧ કરોડ બાળાઓના ખાતા ખૂલ્યાં છે. અને ૧૧ હજાર કરોડ રૂપિયા જમાં થયાં છે. ગુજરાતમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ અંતર્ગત ૧૮ લાખ મહીલા વિદ્યાર્થીનીઓ લાભાન્વિત

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




થઇ રહી છે. ગુજરાતમાં ૯ થી ૧૨ ધોરણની વિધાર્થીનીઓને સરકારી તથા ગ્રાન્ટ ઇન એડ શાળાઓમાં નિ:શુલ્ક શિક્ષણ, મેડીકલમાં અભ્યાસ કરતી વિધાર્થીનીઓને નિ:શુલ્ક શિક્ષણની વ્યવસ્થા આઇ.ટી.આઇ.માં મહીલાઓ માટે ૨૫ ટકા આરક્ષણ તથા ટ્યુશન ફીમાં રાહત જેવા ક્રાંતિકારી પગલા ગુજરાતમાં લેવાયા છે. કેન્દ્રમાં સીઆરપીએફ (CRPF)માં બે મહીલા બટાલીયનોની વ્યવસ્થા, ૩૩ ટકા મહીલાઓ માટે પોલીસ ભરતીમાં ગુજરાતમાં આરક્ષણ, ૧ કરોડથી વધુ મહીલાઓનું બ્રેસ્ટ તથા ગર્ભાશયના કેન્સર માટે નિ:શુલ્ક સ્ક્રીનીંગ તથા અસરકર્તા બહેનોને નિ:શુલ્ક સારવાર સહીત અનેક કલ્યાણકારી પગલાઓ ગુજરાત સરકાર દ્વારા લેવાયા છે, તે માટે ગુજરાત ભાજપા સરકાર અભિનંદનને પાત્ર છે.

સુરતમાં ટેક્ષટાઇલ સહીત અન્ય ક્ષેત્રોની મુલાકાતે આવેલ શ્રી રાહુલ ગાંધીના સંદર્ભમાં પૂછાયેલા એક પ્રશ્નનાં જવાબમાં ટેક્ષટાઇલ મંત્રી શ્રી સ્મૃતિ ઇરાનીજીએ કોંગ્રેસને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ અવસરવાદીતાની રાજનીતિ કરે છે, ઉકેલની નહીં. કેન્દ્રમાં પોતાના શાસન સમયે યુપીએ કોંગ્રેસની સરકારે ટેક્ષટાઇલ સેકટરને લગતી ૪૦ માંથી ૨૨ યોજનાઓમાં એક પણ રૂપિયો ખર્ચ કરેલ ન હતો. સુરતના પાવરલુમ સેકટરનાં અપગ્રેડેશનમાં કોંગ્રેસે કોઇ દરકાર કરી ન હતી.

કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમા; ભાજપાનું શાસન આવતા "સાથી" સ્કીમ હેઠળ પાવરલૂમ સેકટરમાં ૫૦ થી ૬૦ હજાર રૂપિયાનું ધિરાણ સરળ હપ્તેથી મળી રહે તેવી જોગવાઇ કરવામાં આવી છે. **Black out Period** દરમ્યાન સૂરતના ટેક્ષટાઇલ સેકટરને બેન્ક ધિરાણ ન મળી શકે તેવો પત્રવ્યવહાર કોંગ્રેસનાં તે સમયનાં મંત્રીશ્રીઓ શ્રી પી. ચિદમ્બરમ્ તથા શ્રી આનંદ શર્માએ કરેલો છે તે વાસ્તવિકતા છે તેમ શ્રી સ્મૃતિજીએ જણાવ્યું હતું.

અમેઠીમાં પાંચ પાંચ દાયકાથી શાસન કરનાર કોંગ્રેસના નહેરૂ ગાંધી પરિવારના તથા છેલ્લા ૧૩ વર્ષથી અમેઠીના સાંસદ શ્રી રાહુલ ગાંધીએ આજ સુધી અમેઠીમાં શાળા, હોસ્પિટલ, રસ્તાઓ તથા પીવાના પાણીની પાયાની જરૂરીયાતોને સંતોષજનક રીતે હલ કરી નથી. એવા શ્રી રાહુલ ગાંધી ગુજરાતમાં આવીને વિકાસની વાત કરે તે હાસ્યાસ્પદ છે. કેન્દ્રીય મંત્રી શ્રી સ્મૃતિજીએ વેધક કટાક્ષ કરતા જણાવ્યું હતું કે, અમે આશા રાખીએ કે, શ્રી રાહુલ ગાંધી ભાજપાના શાસનમાં ગુજરાતમાં થયેલ વિકાસમાંથી કંઇક શીખીને અમેઠીમાં વિકાસના કાર્યો કરવાની પ્રેરણા લેશે. અમેઠીના લોકસભા ક્ષેત્રની પાંચે પાંચ વિધાનસભાની બેઠકો જે કોંગ્રેસ ઉત્તરપ્રદેશની ચૂંટણીઓમાં હારી ચૂકી છે, તે કોંગ્રેસને ગુજરાતની પ્રજા બરોબર ઓળખે છે. જે અમેઠીના કલેકટરની ઓફીસના ઉદ્દઘાટનમાં ભાજપાના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અમિતભાઇ શાહ અને મ્હારે જવું પડે તે બાબત કોંગ્રેસને માટે અત્યંત શરમજનક છે, તેમ શ્રી સ્મૃતિ ઇરાનીજીએ જણાવ્યું હતું.

આજની પત્રકાર પરીષદમાં પ્રદેશ મીડીયા કન્વિનર શ્રી હર્ષદભાઇ પટેલ, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઇ પંડ્યા, ડો. જગદીશભાઇ ભાવસાર, ઉત્તર ઝોન મીડીયા કન્વિનર શ્રી ડો. હેમંત ભટ્ટ તથા શ્રી રેશ્માબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ગુજરાતમાં મહિલાઓના ઉત્કર્ષ અંગે માહિતી આપતી પત્રિકાનું ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૦૯.૧૧.૨૦૧૭

---

**દરેક ગુજરાતીનો એક જ અવાજ – "હું છું વિકાસ, હું છું ગુજરાત"**

---

**"ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન" અંતર્ગત**
**મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું વડોદરા ખાતે ભવ્યાતિભવ્ય સ્વાગત**

---

**"ભારત માતા કી જય" અને "વંદે માતરમ" ના નારા સાથે**
**વડોદરા રાષ્ટ્રભક્તિના કેસરીયા રંગમાં રંગાયુ**

---

**ભાજપા વિકાસની રાજનીતિ કરતી વિશ્વની સૌથી મોટી રાજકિય પાર્ટી છે,**
**ભાજપાના કરોડો કાર્યકર એ ભાજપાની આત્મા છે અને લોકસેવા એ ભાજપાનો પરમાત્મા છે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

---

**"ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન"**ના ભાગરૂપે ગુજરાત રાજ્યના સહૃદયી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આજરોજ વડોદરા ખાતે જનતા-જનાર્દનનો સંપર્ક કર્યો હતો અને ભવ્ય રોડ-શો યોજ્યો હતો.

**"ભારત માતા કી જય"** અને **"વંદે માતરમ"** ના નારા સાથે વડોદરા રાષ્ટ્રભક્તિના રંગમાં રંગાઇ ગયું હતુ તેમજ વડોદરા શહેરનું વાતાવરણ કેસરીયો થઇ ગયો હતો.

રાવપુરા વિધાનસભા તેમજ સયાજીગંજ વિધાનસભા મતવિસ્તારના નગરજનો વચ્ચે મુખ્યમંત્રીશ્રી ગયા હતા અને પ્રજાની સાથે સીધો સંપર્ક કર્યો હતો. મતવિસ્તારમાં વસતા નાગરિકોએ મુખ્યમંત્રીશ્રીનો ઉમળકાભેર સ્વાગત-સન્માન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્રજાના પ્રેમ અને વિશ્વાસને બિરદાવતાં સૌ ઉપસ્થિત નગરજનોને લાખ-લાખ વંદન-અભિનંદન કરી આભાર માન્યો હતો

આજના આ પ્રસંગને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એક યાદગાર પ્રસંગ તરીકે વર્ણવ્યો અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની ભાજપા સરકાર તેમજ ગુજરાત રાજ્યની ભાજપા સરકાર લોકસેવાના સંકલ્પ સાથે લોકજીવનમાં સમૃધ્ધિ-સુખાકારી માટે કટિબદ્ધ છે અને બન્ને સરકારોની ગરીબલક્ષી પ્રજાકલ્યાણની યોજનાઓ પ્રજા સુધી પહોચી છે તેનો પ્રતિબિંબ આજે મળેલા પ્રજાના અભૂતપૂર્વ પ્રેમમાં અનુભવ્યો છે. ભાજપા એ સર્વગ્રાહી વિકાસને વરેલી છે. ભાજપા વિકાસની રાજનીતિ કરતી વિશ્વની સૌથી મોટી રાજકિય પાર્ટી છે, ભાજપાના કરોડો કાર્યકર એ ભાજપાની આત્મા છે અને લોકસેવા એ ભાજપાનો પરમાત્મા છે. શાંતિ, સલામતિ અને પ્રગતિ એ ભાજપાનો મૂળમંત્ર છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા.૦૯.૧૧.૨૦૧૭

-------------------

**દરેક ગુજરાતીનો એક જ અવાજ – "હું છું વિકાસ, હું છું ગુજરાત"**

-------------------

**જુનાગઢ ખાતે જનતા જનાર્દનનો સંપર્ક કરી પ્રજાને વંદન કરતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

-------------------

**ગરવા ગુજરાતીઓ સાથે સીધા સંપર્ક થકી આજે હું હર્ષની લાગણી અનુભવું છું- શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------------

**કોંગ્રેસની વંશવાદની રાજનીતિ સામે ભાજપાની વિકાસવાદની રાજનીતિ વિજયી થશે**

-------------------

ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનના આજે ત્રીજા દિવસે ૯ નવેમ્બરના રોજ ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જુનાગઢ મુક્તિદિવસ નિમિત્તે વિજયસ્તંભનું પુજન કર્યું હતું. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આરઝી હુકૂમતના ઘડવૈયાઓ અને સરદાર સાહેબને નમન કરી આશિર્વાદ લઇ જુનાગઢવાસીઓને શુભેચ્છાઓ પાઠવી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો જુનાગઢમાં પ્રારંભ કર્યો હતો.

શ્રી વાઘાણીએ પદયાત્રા કરીને જુનાગઢના નગરજનોનો સીધો સંપર્ક કર્યો હતો અને ગુજરાતના ભાઇઓ અને બહેનોને સંબોધીને લખાયેલ વડાપ્રધાનશ્રીના પત્રનું વિતરણ કર્યુ હતુ. સાથો સાથ ગુજરાત સરકારની વિકાસની કામગીરીની પત્રિકાનું વિતરણ કર્યુ હતું. ઠેર-ઠેર મળી રહેલા આવકાર અને થઇ રહેલા સ્વાગત-સન્માનથી પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ભાવવિભોર બની ગયા હતા અને પ્રજાએ સેવા કરવાનો જે મોકો આપ્યો છે તે બદલ પ્રજાને વંદન-અભિનંદન પાઠવ્યા હતા. પ્રજાએ જે અવિરત વિશ્વાસ ભાજપામાં મુક્યો છે તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પ્રજાના પ્રેમ અને વિશ્વાસના કારણે ભાજપાને પ્રજાની વધુ સારી સેવા કરવાનું બળ મળે છે તેમ જણાવી કહ્યું હતુ કે, આજે જુનાગઢની ધરતી પણ જુનાગઢની ખમીરવાન પ્રજા સાથે સીધા સંપર્ક થકી ખુબ જ હર્ષની લાગણી અનુભવું છું અને જીવનના છેલ્લા શ્વાસ સુધી દેશની અને ગુજરાતની સેવા કરવાનું સંકલ્પ કરી પ્રજાને અભિનંદન પાઠવ્યા હતા. કોંગ્રેસની વંશવાદની રાજનીતિ સામે ભાજપાની વિકાસવાદની રાજનીતિ વિજયી થશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા.૦૯.૧૧.૨૦૧૭

-----------------

**શ્રી વિજયભાઇ રૂપાણી પર ટ્વીટરના માધ્યમથી રાહુલ ગાંધીએ લગાવેલા આરોપ સાવ બેબૂનિયાદ – નિરાધાર અને સત્યથી વેગળા છે – શ્રી ભરત પંડ્યા**

-----------------

**એક સોંયની અણી જેટલું પણ શ્રી વિજયભાઇએ ખોટું કર્યુ નથી**

-----------------

**મુદ્દા વગરની કોંગ્રેસ પાણીના પરપોટા જેવા જુઠ્ઠા મુદ્દાઓ શોધીને વાહિયાત આક્ષેપો કરે છે - શ્રી ભરત પંડ્યા**

-----------------

**અખબારી અહેવાલ સેબીના જે ઓર્ડર ઉપર આધારિત છે તે ઓર્ડર સેટ (SAT) દ્વારા હજુ ગઇકાલે જ રદ કરી દેવામાં આવેલ છે**

-----------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, આજરોજ રાહુલ ગાંધીએ ટ્વીટરના માધ્યમથી લગાવેલા શ્રી વિજયભાઇ રૂપાણીના આરોપો સાવ બેબૂનિયાદ, નિરાધાર અને સત્યથી વેગળા છે. એક સોંયની અણી જેટલુ પણ શ્રી વિજયભાઇએ ખોટું કર્યુ નથી

શ્રી પંડયાએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, સારંગ કેમિકલ્સના શેરના લે-વેચ અંગેના વ્યવહાર બાબતે સેબીએ કરેલા દંડના હુકમને સિક્યોરિટિઝ એપેલેટ ટ્રીબ્યુનલ (SAT) એ રદ કર્યા છે. શ્રી વિજયભાઇ રૂપાણી સારંગ કેમિકલ્સના જે વ્યવહાર કર્યા હતા તે ટોટલ વ્યવહારના માત્ર ૦.૧ ટકા છે તેથી સટ્ટા દ્વારા કોઇ જ તગડો નફો કરવામાં આવ્યો નથી. સાચી વિગત તો એ છે કે, શ્રી રૂપાણીએ વર્ષ ૨૦૦૯માં આશરે ૬૩ હજાર રૂપિયાના કુલ મુલ્યના શેર ખરીદ્યા હતા અને ૨૦૧૧માં આશરે ૩૫ હજાર રૂપિયામાં તે વેચ્યા હતા. આમ, તે વ્યવહારમાં આશરે રૂપિયામાં ૨૮ હજારનું નુકશાન થયેલ છે. તેથી શેરના સટ્ટા કે તગડા નફા સાથે તેને કોઇ જ લેવા-દેવા નથી.

શ્રી રૂપાણીએ સ્ટોક એક્ષચેન્જ થકી જ ડીલીવરી લઇને ડિમેટ એકાઉન્ટમાં ટ્રાન્ઝેક્શન ટેક્સ શેર ખરીદ્યા હતા અને વર્ષ ૨૦૧૧માં માત્ર એકજ ટ્રાન્ઝેક્શનથી આ શેર વેચ્યા હતા. તેમાં સેબીની કોઇપણ ગાઇડલાઇનનું ઉલ્લંઘન કે નાણાકિય ગેરકાનુની તેમાં થઇ નથી. ૬ વર્ષ પછી સેબીના એક અધિકારીશ્રીએ શ્રી વિજયભાઇ રૂપાણી સહિત ૨૨ વ્યક્તિઓને સાંભળ્યા વગર એકતરફી ઓર્ડર જારી કરી તેમની સામે પેનલ્ટીનો આદેશ આપ્યો હતો. આ આદેશ એકતરફી હોઇ આ ૨૨ પૈકી એક વ્યક્તિએ સેબીના આદેશને સિક્યોરિટિઝ એપેલેટ ટ્રીબ્યુનલ (SAT) માં પડકાર્યો હતો. સેટે સેબીના આ ઓર્ડરને એક ઝાટકે રદ કરી દીધો છે. અખબારી અહેવાલ સેબીના જે ઓર્ડર ઉપર આધારિત છે તે ઓર્ડર સેટ દ્વારા હજુ ગઇકાલે જ રદ કરી દેવામાં આવેલ છે.

શ્રી પંડ્યા એ કોંગ્રેસ પણ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસના પગ નીચેથી જમીન સરકી ગઇ છે. કોંગ્રેસ પાસે કોઇ મુદ્દા નથી. માટે આવા વાહીયાત આક્ષેપો કરી રહી છે. કોંગ્રેસ હજુ પણ ગુજરાત અને ગુજરાતીઓને બદનામ કરવાના નિરર્થક પ્રયાસો કરે છે. દેશ અને ગુજરાતની જનતા આ જુઠ્ઠી કોંગ્રેસને સપૂર્ણપણે ઓળખી ગઇ છે. કોંગ્રેસ જેટલું કીચડ ઉછાળશે ભાજપાનું કમળ તેટલું જ વધુ મજબૂતીથી ખીલશે તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ